# પાલનપુર રેલવે પ્લેટફોર્મ પર વધુ એક નવું ફૂટ બ્રીજ બનાવાશે

## પ્લેટફોર્મ નંબર એક અને બે ઉપર ફાઉન્ડેશન તૈયાર કરી સ્ટીલના પિલ્લર ઉભા કરાયા



પાલનપુર તા.૩૦

પાલનપુર રેલવે પ્લેટફોર્મ પર નવું ત્રીજુ ફૂટબ્રિજ બનાવવની કામગીરી હાથ ધરાઈ છે. પ્લેટફોર્મ નંબર એક અને બે ઉપર ફાઉન્ડેશન તૈયાર કરી સ્ટીલના પિલ્લર પણ ઉભા કરવામાં આવ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે, જોકે આ પિલ્લર રેલવે સ્ટેશન બહાર ટિકિટ ઘર પાસેના ખુલ્લા પાર્કિંગ વિસ્તારમાં ઉતારવામાં આવે તો મુસાફરોને મોટી રાહત થઈ શકે એમ છે. હાલમાં રેલવે સ્ટેશનમાં જવા માટે નીચે બોગદા માંથી અને થોડે દૂર આવેલા એસ્કેલેટર પરથી જવું પદે છે. તેવામાં જો નવો ફૂટ બ્રીજ પાર્કિંગ વિસ્તાર સુધી લંબાવવામાં આવે તો મુસાફરોને ખૂબ મોટી રાહત થઈ જશે.



તલોદ તાલુકાના વકતાપુરમાં ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર ના નિવાસ સ્થાનને કાર્યકરો દ્વારા મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમ યોજાયો મોદીજી ના ૯ વર્ષ ના શાસન ની બેઠકમાં ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને જિલ્લાના અધ્યક્ષ જે. ડી. પટેલ, અલ્પકાલીન તલોદ તાલુકા વિસ્તાર મહેન્દ્રભાઈ બાવરીયા તલોદ તાલુકા પ્રભારી જયેશભાઈ પટેલ. તલોદ તાલુકા ભા.જ.પા. પ્રમુખ કલ્પેશભાઈ વગેરે હાજર રહયા હતા.

# પાલનપુરમાં ભંગાર વાડામાં સાત બાળ મજૂરોને મુક્ત કરાવાયા

## પાલનપુર હરીપુરા વિસ્તારના બાળમજૂરો ભંગાર વીણી તેને અલગ પાડવાનું કામ કરતા હતા

પાલનપુરના ટેલીફોન એક્સચેન્જ પાછળ ભંગારવાડામાંથી તંત્રની ટીમ દ્વારા સાત બાળમજૂરોને મુક્ત કરાવી ભંગારવાડાના માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર ઈન્ચાર્જ શ્રમ અધિકારી ડોલી આર. પરમાર, મદદનીશ શ્રમ અધિકારી કે. આર. પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો. આશિષ જોશી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મનીષ કે. જોશી સહિતની ટીમે પાલનપુરમાં ટેલીફોન એક્સચેન્જના અંબિકાવાડીની પાછળ બરફની ફેકટરી સામે આવેલ ભંગારવાડામાં તપાસ કરી હતી. જ્યાં ભંગાર વીણી અને તેને અલગ પાડવાનું કામ કરતા હરીપુરા વિસ્તારના સાત બાળમજૂરો મળી આવ્યા હતા. તેમને મુક્ત કરાવ્યા હતા અને ભંગારવાડાના માલિક માલણ દરવાજા સોસાયટીમાં રહેતો સીરાજભાઈ ઈસ્માઈલખાન પઠાણ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ કરી હતી.

# પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ

## સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા રાત્રીનુ અવરજવર કરતા લોકો પરેશાન : છતા સગવડે રહીશોને અંધારામા અવરજવર કરવુ પડે છે : સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા વેપારીઓને રાત્રી દરમ્યાન ચોરી ભંય સંતાવે છે

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના હાર્ડ સમાન એપ્રોચરોડ ઉપર છેલ્લા પંદર દિવસ થી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા વેપારીઓ સહિત આ વિસ્તાર ના રહીશો તથા રોજીદુ અવરજવર કરતા નગરજનો પરેશાન થાય છે.

પ્રાંતિજ ત્રણ રસ્તા થી રેલ્વેસ્ટેશન સુધી વિસ્તાર મા જેતે સમયે આરએમબી વિભાગ દ્વારા છેક સુધી રોડની વચોવચ સ્ટ્રીટ લાઈટ ના પોલ નાખવામા આવ્યા છે અને રાત્રી દરમ્યાન કોઈપણ નગરજનોને અંધારામા અવરજવર મા તકલીફ ના પડે તે માટે સુદર સુવિધાઓ ઉભી કરી અને પ્રાંતિજ પાલિકા ને સોપવામા આવી છે પણ પ્રાંતિજ પાલિકા આ સ્ટ્રીટ લાઈટો કે આ વિસ્તાર પ્રત્યેક ઓરમાયુ વર્તન રાખતુ હોય છે અને આ સ્ટ્રીટ લાઈટો રાત્રી દરમ્યાન અવરનવર બંધ થઈ જાય છે અને રજુઆત બાદ પણ બે ત્રણ દિવસે ચાલુ થતી હોય છે ત્યારે પાછી ભાખરીયા બસસ્ટેન્ડ ગોપીનાથ કોમ્પલેક્ષ થી ભાંખરીયા બસસ્ટેશન સુધી ની સ્ટ્રીટ લાઈટો છેલ્લા પંદર દિવસ થી બંધ હોય અહીથી રોજીદુ અવરજવર કરતા લોકોને મુશ્કેલીઓ પડે છે તો બીજીતરફ ચોમાસા ની ઋતુ હોય રાત્રી ના અંધારા મા એરૂ જાજર નિકળતા અવરજવર કરતા લોકોને બીક લાગે છે તો દુકાન માલિકો ને પણ રાત્રીના સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રાત્રીના ચોરીનો ભંય સંતાવે છે.

ત્યારે આ વિસ્તાર મા અનેક સોસાયટીઓ આવેલ છે જે લોકો ને પણ રાત્રીના અંધારપટ ને લઈ ને ભંય રહે છે તો પ્રાંતિજ પાલિકા દ્વારા આ બંધ રહેલ સ્ટ્રીટ લાઈટો ઝડપથી ચાલુ કરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# પાલનપુરની ૫૦ વર્ષ જૂની સરકારી વસાહતમાં દસ પરિવારો ભયના ઓથાર હેઠળ રહે છે..!

## પી.ડબ્લ્યુ.ડી.દ્વારા ૨૮ પૈકી ૫ બ્લોક ભયજનક જાહેર કરાયા : રહીશોએ કહ્યું : દરરોજ પોપડા ખરે છે

પાલનપુર તા.૩૦

પાલનપુર શહેરના જુદા જુદા સરકારી વિભાગોમાં ફરજ બજાવતા કર્મીઓ જ્યાં રહે છે તે સરકારી વસાહત ૫૦ વર્ષ જૂની થઈ ગઈ છે. પી.ડબ્લ્યુ.ડી. દ્વારા ૨૮ પૈકી ૫ બ્લોક ભયજનક જાહેર કરાયા છે. જોકે એમ બ્લોક અત્યંત જર્જરીત હોવા છતાં તેને ભયજનક જાહેર કરાયું નથી. અહી દસ પરિવારો ભયના ઓથાર હેઠળ રહે છે. આ એમ બ્લોકમાં નીચેથી ઉપર સુધી ૫૦થી વધુ તિરાડો છે. જગ્યા જગ્યાએથી પોપડા ખરે છે, કાટ ખાઈ ગયેલી ખીલાસરીઓ નીકળીને બહાર આવી ગઈ છે. અમારા રિયાલિટી ચેક દરમિયાન અહીંના રહીશોએ ખુલીને કહ્યુ કે સરકારી કર્મચારીઓ છીએ છતાં હેરાન ગતિનો સામનો કરી રહ્યા છીએ.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર જણાવે છે કે, સ્થાનિક મહિલા હંસાબેન પરમારએ જણાવ્યું કે "ન્યુ બસપોર્ટ પાસેની મુખ્ય સરકારી વસાહતમાં એબીસીડી મુજબ ૨૬ બ્લોક અને એ ઉપરાંત અન્ય ૨ બ્લોક મળી ૨૮ બ્લોક છે. જેમાં ૫ બ્લોક ભયજનક શ્રેણીમાં મૂકીને હમણાં



૨ દિવસ પહેલા જામનગરની ઘટનાના પગલે આજુબાજુ આડશો કરી છે.

જોકે અમે જે એમ બ્લોકમા રહીએ છીએ તે આવાસ જોખમી બની ગયો છે. રાત્રે ઉંઘ આવતી નથી. અમે ના છૂટકે આ જર્જરિત આવાસમાં રહેવા મજબૂર છીએ.

પીલ્લરમાંથી લોખંડના કાટખાઈ ગયેલા સડેલા સળિયા દેખાયછે. ઉપર ત્રીજા મળે પાણીનું ટાંકું છે જેની છતમાંથી પોપડા ખરી રહ્યા છે. પ્રવેશનું મુખ્ય છજજુ રોજ થોડું થોડું તૂટી રહ્યું છે. સળિયા બહાર નીકળી ગયા છે જેમાં હાથ લગાવવાથી કાટમાળ નીચે પડી રહ્યો છે. આવી જ હાલત બાજુમાં આવેલા એક ૨ માળના બ્લોકની છે. આખું મકાન દૂરથી જર્જરીત દેખાતું હોવા છતાં એમાં સરકારી કર્મીઓ ડરતા ડરતા પણ રહેવા મજબૂર છે.અન્ય એક બ્લોકમાં રહેતા કર્મચારીએ જણાવ્યું કે " મારા ઘરમાં અંદરની દીવાલોમાં ભેજ ઉતરે છે જેના લીધે શોર્ટ સર્કિટ થવાના ડર વચ્ચે રહેવું પડે છે.

કોઈ મહેમાન આવે તો અમારે શૌચાલયમાં ના જાય એવી ભગવાનને પ્રાર્થના કરવી પડે છે. અને જો જાય તો તૂટેલા દરવાજા ના લીધે અમારે ક્ષોભજનક હાલતમાં મુકાઈ જવું પડે છે. એમ બ્લોકનું મુખ્ય છજ્જુ ગમે ત્યારે તૂટી પડે એવી સ્થિતિમાં લોકો અહીંથી પ્રવેશ કરતા ડરે છે.

# ગૌરીવ્રત શરૂ થતાં જિલ્લામાં વરસાદના આગમનથી પ્રજામાં અનેરો ઉત્સાહ

## ચાતુર્માસ શરૂ થતાં પાંચ મહિના સુધી શુભકાર્યો ઉપર બ્રેક વાગશે





બાયડ, તા.૩૦

ગુરૂવારે એકાદશી, ગૌરીવ્રત અને બકરી ઈદના તહેવારનો ત્રિવેદી સંગમ જોવા મળ્યો સાથે ચાતુર્માસ શરૂ થતાં આગામી પાંચ મહીના સુધી શુભકાર્યો ઉપર બ્રેક વાગશે. ગૌરી વ્રતના આરંભ સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં ચોમાસાએ જમાવટ કરવાની સાથે સુપડાધારે દોઢથી અઢી ઈંચ વરસાદ વરસતાં તહેવારો દરમ્યાન પ્રજા અને ખેડૂતોમાં આનંદ જોવા મળી રહયો છે. જયારે આગામી દિવસોમાં આવનારા તહેવારોમાં વરસાદના કારણે બજારોમાં નવી ઉર્જાનો સંચાર થઈ શકે છે. આ વર્ષે અધિક શ્રાવણ માસ હોવાથી ચાતુર્માસ પાંચ મહિના ચાલશે અને તેમાં ભગવાન શિવની પૂજા કરવાથી અનેકગણું ફળ મળતું હોવાનું શાસ્ત્રોમાં ઉલ્લેખ કરાયો છે.

જિલ્લામાં નિયમિત ચોમાસામાં વિલંબ થવાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતો ચિંતીત બન્યા હતા પરંતુ ગતરોજથી નિયમિત ચોમાસાએ જિલ્લાના અનેક વિસ્તારોમાં દસ્તક દીધા અને ગુરૂવારે દેવશયની એકાદશી, ગૌરીવ્રત અને બકરીઈદ હોવાથી બંને સમુદાયોની પ્રજામાં વ્રત તહેવારોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. ચાતુર્માસમાં ઉપવાસ, તપસ્યા, વ્રત, ભક્તિ અને સાધનાનો આગવો મહિમા રહેલો છે. ચાતુર્માસમાં હવન, દાન અને પૂજનનું પણ આગવું મહત્વ છે. ચાર મહિનામાં ભગવાન વિષ્ણુ યોગ નિદ્રામાં રહે છે. મનુષ્ય આ સમયગાળા દરમ્યાન સંયમ અને નિયમોનું પાલન કરે તો અનેકગણા પુણ્યનું ભાથું પ્રાપ્ત થતું હોવાનું શાસ્ત્રોમાં જણાવાયું છે.

ચાતુર્માસનો તા.૨૯ જુનથી પ્રારંભ થયો છે અને તા.૨૩ નવેમ્બર કાર્તિક શુકલના દિવસ સુધી ચાતુર્માસ રહેશે અને તે દિવસને દેવઉઠી અગિયારસ તરીકે ઉજવવામાં આવશે. ટુંકમાં ચાતુર્માસના કારણે આગામી પાંચ મહીના સુધી શુભકાર્યો ઉપર બ્રેક વાગશે.

# ડીસા તાલુકામાં વરસાદી ઝાપટા સાથે ચોમાસાનો વિધિવત પ્રારંભ

## વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા હાશકારો

હવામાન વિભાગની આગાહીને પગલે ડીસા તાલુકામાં આજે સાંજના સુમારે વરસાદ વરસતા ચોમાસાના વિધિવત શ્રીગણેશ થઈ ગયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા બે થી ત્રણ દિવસથી વાતાવરણમાં ભારે પલટો આવ્યો હતો અને દિવસભર વાદળછાયુ વાતાવરણ રહેતા લોકો ભારે બફારાનો અનુભવ કરી રહ્યા હતા. ત્યારબાદ આજે દિવસ દરમિયાન ભારે ઉકળાટ અને બફારા બાદ સાંજે ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. ધીમી ધારે વરસાદ વરસતા શહેરના માર્ગો પાણી-પાણી થઈ ગયા હતા.

મોડી સાંજે વરસાદી ઝાપટું ખાબકતા ચો તરફ ઠંડક પ્રસરી ગઈ હતી. જ્યારે લોકોએ પણ ગરમીથી રાહત અનુભવી હતી.જો કે લોકો હજી પણ ધોધમાર વરસાદ ઝંખી રહ્યા છે.

# ડીસામાં રસ્તાને નડતરરૂપ દબાણો પાલિકા દ્વારા હટાવાયા

ડીસા, તા. ૨૯

ડીસામાં આદર્શ હાઈસ્કુલ પાછળ વિશ્વ શાંતિ સોસાયટી તરફ જતા માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર દબાણ થઈ ગયા હતા. જેના કારણે રસ્તો પણ સાંકડો થઈ ગયો હતો. દબાણદારોના કારણે આગળ આવેલી ૬ થી ૭ જેટલી સોસાયટીના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી વેઠવી પડતી હતી. જે મામલે ડીસા નગરપાલિકામાં રજૂઆત કરતા નગરપાલિકાએ દબાણદારોને અત્યાર સુધી અનેકવાર નોટીસ આપી દબાણો દૂર કરવા જણાવ્યું હતું. વારંવાર નોટિસ આપવા છતાં પણ આજ દિન સુધી એક પણ દબાણદારે ગેરકાયદેસર દબાણ દૂર કર્યું નહોતું અને જ્યારે જ્યારે નગરપાલિકાની ટીમ દબાણ હટાવવા માટે જાય ત્યારે દબાણદારો દ્વારા વિરોધ દર્શાવવામાં આવતો હતો. તે દરમિયાન આજે વહેલી સવારે ડીસા નગરપાલિકાની ટીમ પોલીસ બંદોબસ્ત અને જેસીબી મશીન સાથે સ્થળ પર પહોંચી હતી અને ૧ ૨ જેટલા કાચા પાકા દબાણો દબાણો દૂર કર્યા હતા.જો કે દબાણદારોએ વિરોધ કરી ભારે હોબાળો મચાવ્યો હતો.

# પ્રાંતિજ પોલીસે અનડીટેકટ અકસ્માતનો ભેદ ઉકેલ્યો

## પોલીસે અકસ્માત નો ભેદ ઉકેલી ચાલકની અટક કરી : હ્યુમન સોર્સીસ અને ટેકનીકલ સર્વેલન્સ દ્વારા માહિતી એકઠી કરી આરોપીને ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ પોલીસે અનડીટેકટ ફેટલ અકસ્માત નો ભેદ ઉકલ્યો ભાગેલ ટ્રેકટર ચાલક વિરૂધ્ધ ગુનોનોંધી અટક કરવામા આવી છે. તલોદના ભાટિયા ગામનો યુવાન પોતાનુ બાઈક ઉપર જઈ રહ્યો હતો તે દરમ્યાન પ્રાંતિજ ના સદાના મુવાડા થી મુધાસણા જતો હતો તે દરમ્યાન ગ્રામ્ય રોડ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન ફુલફાસ્ટ તથા બેદરકારી રીતે ચલાવી લાવી મોટર સાયકલ ઉપર જતા મોન્ટુ , સિંહ ભલસિંહ રાઠોડ ને ટક્કર મારી શરીરે તથા માથાના ઈજાઓ પહોચતા મોત નિપજયુ હતુ તો અજાણ્યો વાહન ચાલક પોતાનુ વાહન લઈ ને ધટના ઉપર પોતાનુ ટ્રકેટર લઈ ને ભાગી ગયો હતો તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પી.આઈ પી.પી.વાધેલ માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એન.એમ.સોલંકી દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી જેમા હ્યુમન સોર્સીસ અને ટેકનીકલ સર્વેલન્સ દ્વારા માહિતી એકઠી કરી એક સ્વરાજ નંબર-જીજે.૧૮ એચ.-૩૧૩૩ ટ્રકેટર સાથે તેના ચાલક કિરણસિંહ પ્રતાપસિંહ રાઠોડ રહે મુધાસણા તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા ને અટક કરવામા આવી હતી.

# પાલનપુરમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

## દારૂના અડ્ડાઓ ધમધમતા હોવાની રાવ વચ્ચે ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલએ કરી રેડ

પાલનપુર તા.૩૦

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં દેશી વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમતા હોવાની સાથે હોમ ડિલિવરી પણ થતી હોવાની બુમરાણ મચી છે. ત્યારે પાલનપુર જુના બસ સ્ટેન્ડ નજીકથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબજે કરી ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલએ ગુરૂવારે પાલનપુ જુના બસ સ્ટેશન જવાના માર્ગ પર આવેલી કમલ બિલ્ડીંગમાં રેડ કરી દિપકભાઈ કિશોરભાઈ પરમાર નામના શખ્સને ઝડપી લીધો હતો. જેને સાથે રાખી જગ્યાનું ચેકીંગ કરતા સ્થળ પરથી વિદેશી દારૂ તેમજ બિયર મળી કુલ ૪૬૬ નંગ બોટલ કિંમત રૂ. ૫૧,૦૩૦, વાહન નંગ-૨ કી રૂ.૪૫ હજાર મોબાઈલ નંગ-૧ કી. રૂ.૫ હજાર મળી કુલ કી. રૂ.૧,૦૧,૦૩૦નો મુદ્દામાલ કબજે કરી બબલુ ઉર્ફે કુદનભાઈ ઠાકોર અને કરણ સહીત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જોકે, સ્ટેટ મોનીટરીંગ સેલે સફળ રેડ કરતા સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. ત્યારે શહેરમાં પોલીસની રહેમ નજર તળે જ દારૂના અડ્ડાઓ અને દારૂની હોમ ડિલિવરી થતી હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

રક્તદાન મહાદાન

# પાલનપુર રેલવે બ્રિજ પાસે મુસાફરના હાથ ઉપર લાકડી મારી મોબાઈલની તફડંચી

## પાલનપુર રેલવે સ્ટેશને ટ્રેનમાંથી મુસાફરનો મોબાઈલ ચોરાયો

પાલનપુર તા.૩૦

પાલનપુર રેલવે બ્રિજ પાસે મુસાફરના હાથ ઉપર લાકડી મારી મોબાઈલની તફડંચી કરાઈ હતી. જ્યારે બીજી ઘટનામાં પાલનપુર રેલવે સ્ટેશને ટ્રેનમાંથી મુસાફરનો મોબાઈલ ચોરાયો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,રાજસ્થાનના શિહોરી જિલ્લાના શિવગંજ તાલુકાના જોયેલા ગામના



કિશોરસિંહ જયસિંહ પરમાર તેમના વતન ફાલાના જવા માટે પુના થી યશવંતપુર બિકાનેર ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન પાલનપુર રેલ્વે સ્ટેશનથી આગળ તેમના ખિસ્સામાંથી કોઈ અજાણ્યા શખ્સે મોબાઈલ ચોરી લીધો હતો. આ અંગે તેમણે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે રાજસ્થાનના પાલી જિલ્લાના રાની ગામના નરેશકુમાર મુન્નાલાલ સોની મહેસાણા રેલ્વે સ્ટેશનથી રાની જવા માટે સૂર્યનગરી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે પાલનપુર રેલવે સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા પછી તેઓ દરવાજા પાસે ઊભા રહી તેમના પિતાજી સાથે ફોનમાં વાતચીત કરતા હતા. દરમિયાન અજાણ્યા શખ્સે તેમના હાથ ઉપર લાકડી મારતા મોબાઈલ નીચે પડી ગયો હતો. જે લઈને શખ્સ નાસી ગયો હતો. આ અંગે નરેશકુમારે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



તલોદ મોડાસા રોડ પર આવેલ રેલ્વે ફાટક પર ચાલી રહેલા રેલ્વે ઓવરબ્રિજ નાબાંધકામના બંને બાજુ સર્વિસ રોડ બનાવવા માટે જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલીક ધોરણે સર્વીસ રોડ ની કામગીરી હાથ ધરવા માટે હુકમ કરવામાં આવ્યો હોવા છતાં કોન્ટ્રાકટર દ્વારા સર્વીસ રોડ બનાવવા માટે ઠાગાઠૈયા કરતા પ્રજા જનો માં રોષ ની લાગણી ફેલાઈ છે.